# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧


-: અખબારી યાદી :-

# કોરોના સામે સાવચેતી : મનપાની કચેરીની માફક પ્રાઈવેટ સંકુલોમાં પણ કોરોના સામે જાગૃતિ દાખવવા સ્ટીકર લગાવાયા

તા.૧૪-૯-૨૦૨૦






કોરોનાની વૈશ્વિક મહામારી અનુસંધાને વાયરસના સંક્રમણને પ્રસરતો અટકાવવાના પ્રયાસો વધુ સતેજ કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ મોરચે યુધ્ધના દોરને જુદા જુદા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં એક મહત્વપૂર્ણ બાબત છે જનજાગૃતિ. મનપા દ્વારા લોકોને જાગૃત અને સતર્ક કરવા કચેરીમાં પીળા રંગના સ્ટીકર લગાવવામાં આવેલા છે જેમાં ફેઈસ માસ્ક પહેરવા, સામાજિક અંતર જાળવવા, આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા, સ્વચ્છતા જાળવવા, છીંક કે ઉધરસ આવતી વખતે મ્હો રૂમાલથી કવર કરવા, પગથીયા ચડતી વખતે રેલીંગને સ્પર્શ ન કરવા, હાથ મિલાવીને અભિવાદન કરવાને બદલે નમસ્તે મુદ્રાનો પ્રયોગ કરવા સહિતના સૂત્રો લખી કોરોના સામેની લડતમાં નાગરિકોને સતર્ક રહેવા ખાસ અપીલ કરવામાં આવેલ છે.

જે સ્થળે પીળા રંગના સ્ટીકર લગાવવામાં આવેલા છે તેમાં રિલાયન્સ મોલ, બિગ બઝાર, ડી માર્ટ, કોઠારિયા મેઈન રોડ પર એકોર્ડ હાઈપર માર્કેટ વગેરેનો સમાવેશ થાય છે.

( જન સંપર્ક અધિકારી )